ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY

તા. ૨૯/૦૫/૨૦૧૭

ગુજરાત યુનિવર્સિટીની બાંધકામ સમિતિ અને ફાઈનાન્સ સમિતિની એક સંયુક્ત સભા તા. ૨૯/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા. કુલપતિશ્રી ડૉ. હિમાંશુ પંડ્યા સાહેબે સંભાળ્યું હતું. જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

(૧) મા. કુલપતિશ્રી
ડૉ. હિમાંશુ પંડ્યા - હાજર

(૨) શ્રી મહેશભાઈ કસવાલા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૩) પ્રા. શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૪) શ્રી ધુમીલભાઈ ડી. પટેલ
સીન્ડીકેટ સભ્યશ્રી - ગેરહાજર

(૫) શ્રી પંકજભાઈ શુક્લા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૬) શ્રી વનરાજસિંહ ચાવડા
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૭) શ્રી ડૉ. ધવલભાઈ પટેલ
સીન્ડીકેટ સભ્યશ્રી - હાજર

(૮) શ્રી બકુલભાઈ દેસાઈ
ખાસ આમંત્રિત
રજી. વેલ્યુઅર - હાજર

(૯) શ્રી મહેશભાઈ ગોર
નાયબ કાર્યપાલક ઈજનેર - હાજર
કાર્યપાલક ઈજનેરશ્રી-
માર્ગ અને મકાન વિભાગ
(રાજ્ય સરકારશ્રી) વતી

(૧૦) શ્રી સમીરભાઈ શુક્લા
કન્સલ્ટન્ટ-ઓક્ટર્સ - હાજર

બાબત ક્રમાંક: (૧) તા. ૧૦/૦૫/૨૦૧૭ ના રોજ મળેલ બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૧) જરૂરી ચર્ચા વિચારણાને અંતે તા. ૧૦/૦૫/૨૦૧૭ ની બાંધકામ સમિતિની કાર્યવાહી નોંધ મંજુર કરવામાં આવી.

બાબત ક્રમાંક: (૨) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ પરના કન્વેન્શન સેન્ટર તેમજ તેની બાજુમાં આવેલ ખુલ્લા મેદાન વપરાશ માટે યુનિવર્સિટી દ્વારા લીઝીંગ ઓફ ધ કન્વેશન ફેસીલીટી ફોર ઇન્ફ્રાસ્ટ્રકચરના કામ માટે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપીને સરકારશ્રી માન્ય ઇ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવેલ હતા. જેની સમય મર્યાદામાં કુલ ત્રણ ઇજારદારશ્રીઓ (૧) ગાંધી કોર્પોરેશન, (૨) લલ્લુજી એન્ડ સન્સ અને (૩) દિપાલી ડીઝાઇનર્સ એન્ડ એક્ઝિબીટસના ટેકનીકલ બીડના ટેન્ડરો મળેલ હતા, અન્ય એક ઇજારદારશ્રી મે. ગ્રીન લીવ્સ મેનેજમેન્ટ પ્રા. લી. દ્વારા ઓનલાઇન ટેન્ડર મુકેલ પરંતુ ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમિટ કરેલ ન હતા. આવેલ ટેન્ડરો પરથી યુનિવર્સિટી દ્વારા નિયુકત કન્સલટન્ટ ઓકટર્સ દ્વારા ત્રણ ઇજારદારશ્રીઓને ક્વાલીફાઇડ જાહેર કરેલ અને મે. ગ્રીન લીવ્સ મેનેજમેન્ટ પ્રા. લી. ને ડીસ-ક્વાલીફાઇ જાહેર કરેલ. આ માટે ઓકટર્સ દ્વારા રજુ કરવામાં આવેલ ટેકનીકલ ક્વાલીફીકેશન રીપોર્ટ પત્ર તા. ૨૬/૦૫/૨૦૧૭ પરત્વે ચર્ચા વિચારણા કરવા બાબત તેમજ આ ટેકનીકલી ક્વાલીફાઇડ ઇજારદારશ્રીઓને જાણ કરીને કમિટી સમક્ષ ટેન્ડરના સબ્જેકટીવ ક્રાઇટેરીયા પ્રમાણે રૂબરૂ પાવર પોઇન્ટ પ્રેજન્ટેશન કરાવીને પ્રેજન્ટેશન જોઇ સભ્યશ્રીઓ દ્વારા માકર્સ આપવા અને ગુણવત્તા શ્રેણી નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક: (૨) જરૂરી ચર્ચા વિચારણાને અંતે આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પરના કન્વેન્શન સેન્ટર તેમજ તેની બાજુમાં આવેલ ખુલ્લુ મેદાન વાપરવા માટે યુનિવર્સિટી દ્વારા લીઝીંગ ઓફ ધ કન્વેશન ફેસીલીટી ફોર ઇન્ફ્રાસ્ટ્રકચરના કામ માટે વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપી સરકારશ્રી માન્ય ઇ-ટેન્ડર પધ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવેલ હતા. જેની સમયમર્યાદામા આવેલ કુલ ત્રણ ઇજારદારશ્રીઓના ટેન્ડરો પરથી (ટેકનિકલ બીડ) યુનિવર્સિટી દ્વારા નિયુકત કન્સલટન્ટ ઓકટર્સ દ્વારા ઇવેલ્યુએશન કરીને તેઓશ્રીના પત્ર તા. ૨૬/૦૫/૨૦૧૭ થી રજુ કરેલ ભલામણ મુજબના ત્રણ ઇજારદારશ્રીઓ (ટેકનીકલી ક્વાલીફાઇ થયેલ) (૧) ગાંધી કોર્પોરેશન, (૨) લલ્લુજી એન્ડ સન્સ અને (૩) દિપાલી ડીઝાઇનર્સ એન્ડ એક્ઝિબીટસ દ્વારા પાવર પોઇન્ટ પ્રેજન્ટેશન હાજર રહેલ સભ્યશ્રીઓ સમક્ષ કરવામાં આવેલ હતું અને ટેન્ડરના સબ્જેકટીવ ક્રાઇટેરીયા મુજબ સભ્યશ્રીઓએ

આપેલ માર્ક્સ તેમજ સબમિટ થયેલ ફીઝીકલ ટેન્ડરના ડોક્યુમેન્ટસ ઉપરથી ટેન્ડરના ઓબ્જેક્ટીવ ક્રાઇટેરીયા મુજબ ગણતરી કરી કન્સલ્ટન્ટ દ્વારા તા. ૨૯/૦૫/૨૦૧૩ ના પત્રથી નીચે મુજબનો ક્વાલીફીકેશન રીપોર્ટ રજૂ કરવામાં આવેલ હતો.

| ક્રમ નં | કંપનીનુ નામ | ઓબ્જેક્ટીવ માર્કસ | સબ્જેક્ટીવ માર્કસ | કુલ માર્ક્સ | |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધી કોર્પોરેશન | ૩૫ | ૧૯ | ૫૪ | Q2 |
| ૨ | દિપાલી ડીઝાઇનર્સ એન્ડ એક્ઝિબીટર્સ | ૧૪ | ૧૩ | ૨૭ | Q3 |
| ૩ | લલ્લુજી એન્ડ સન્સ | ૭૦ | ૨૨ | ૯૨ | Q1 |

આમ ઉપરોક્ત ઈજારદારશ્રીઓની ફાઈનાન્સિયલ બીડ ખોલવા અને હાઇએસ્ટ બીડ (H1) આવે તે પ્રમાણે ટેન્ડરની શરત મુજબ Q1 અને H1 ના ગુણાંકોને ધ્યાને લઇ જરૂરી તમામ આનુષંગિક કાર્યવાહી કરીને જે તે ઈજારદારશ્રીની લીઝ ડીડ કરાવીને જરૂરી વર્ક ઓર્ડર આપવાનું તેમજ જરૂર જણાય તો તેની જાણ નામદાર કોર્ટને કરવાનું રાખવું.

સભાનું કામકાજ પૂર્ણ થતા કા. કુલસચિવશ્રીએ સૌનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરી.

કા. કુલસચિવ